અનુસંધાન... પાના પહેલાનું

ભવિષ્યના યુદ્ધમાં...

હતું.''' જોકે, તેમણે પોતાના દાવાના સમર્થનમાં કોઈ પુરાવા આપ્યા નહોતા. ગુરુવારે આસિફે કહ્યું હતું કે, કોઈપણ હુમલાનો પાકિસ્તાનનો જવાબ ઝડપી, સચોટ અને નિર્ણાયક હશે. આસિફ તેમના ભારતીય સમકક્ષ રાજનાથ સિંહની એ ટિપ્પણીનો જવાબ આપી રહ્યા હતા, જેમણે અગાઉ કહ્યું હતું કે પ્રવર્તમાન પરિસ્થિતિમાં પડોશી દેશ દ્વારા કરવામાં આવતું કોઈપણ 'દુ:સાહસ' અભૂતપૂર્વ અને નિર્ણાયક પગલાંને આમંત્રણ આપશે. ગયા વર્ષે 22 એપ્રિલે થયેલા પહેલગામ હુમલાના પરિણામે બંને દેશો વચ્ચે ચાર દિવસીય સંઘર્ષ થયો હતો.

'શું કોઈ...

રાષ્ટ્રીય સંબોધનમાં દાવો કર્યો હતો કે, અમેરિકાએ ''ઈરાનને હરાવ્યું છે અને સંપૂર્ણપણે ખતમ કરી દીધું છે.'' તેના બરાબર બે દિવસ પછી બની હતી.

પેટ્રોલ, ડીઝલ...

હતું. નિવેદનમાં ઉમેર્યું હતું કે, શુક્રવારે લગભગ 51 લાખ સિલિન્ડર વિતરિત કરવામાં આવ્યા હતા અને કુલ માંગના 95 ટકા ઓનલાઈન બુકિંગ દ્વારા નોંધાયા હતા.

ઇરાનમાં ફસાયેલા...

આભાર." એક મહિના પહેલા પશ્ચિમ એશિયામાં સંઘર્ષ શરૂ થયો ત્યારથી અત્યાર સુધીમાં 1,500થી વધુ ભારતીય નાગરિકો આર્મેનિયા અને અઝરબૈજાનની જમીની સરહદો દ્વારા ઇરાન છોડી ચૂક્યા છે.

ઉત્તર ભારતમાં...

અને શનિવારની વચ્ચેની રાત્રિ દરમિયાન દિલ્હીના માત્ર છૂટાછવાયા વિસ્તારોમાં જ હળવો વરસાદ થયો હતો. શનિવારે સવારે, શહેરના હવામાનના મુખ્ય પ્રતિનિધિ એવા સફદરજંગ હવામાન સ્ટેશન પર કોઈ વરસાદ નોંધાયો ન હતો, જ્યારે અન્ય સ્ટેશનો પર અલગ-અલગ પ્રમાણમાં વરસાદ નોંધાયો હતો: શુક્રવારે રાત્રે 11.30થી શનિવારે સવારે 2.30 વાગ્યાની વચ્ચે પાલમમાં 1.9 મીમી વરસાદ પડ્યો હતો; લોધી રોડ પર 0.3 મીમી; રિજમાં પણ 1.9 મીમી; અયાનગરમાં 5.8 મીમી; અને પીતમપુરામાં તે જ સમયગાળા દરમિયાન 0.5 મીમી વરસાદ નોંધાયો હતો. આઈએમડીના ડેટા મુજબ, સાંજે 5.30 વાગ્યા સુધી વધુ કોઈ વરસાદ જોવા મળ્યો ન હતો.

૨૪ કલાકમાં...

સર્વોપરિતાના દાવાઓનું તીવ્રપણે ખંડન કરે છે અને તણાવને વધુ જોખમી તબક્કામાં ધકેલી દે છે. છેલ્લા એક દિવસમાં જે કંઈ બન્યું તે યુદ્ધ શરૂ થયા પછી યુએસ હવાઈ કામગીરી માટે સૌથી કપરો સમય રહ્યો છે, જેમાં ટૂંકા ગાળામાં અનેક વિમાનો પર હુમલો થયો, તોડી પાડવામાં આવ્યા અથવા કટોકટીની સ્થિતિમાં ઉતરાણ કરવાની ફરજ પડી. ઈરાન ઉપર એક એફ-15ઈ સ્ટ્રાઈક ઈગલ તોડી પાડવામાં આવ્યું હતું, જેમાં ક્રૂના એક સભ્યને બચાવી લેવાયો હતો જ્યારે બીજો સભ્ય પ્રતિકૂળ પ્રદેશમાં ગુમ છે. બચાવ કામગીરી પર પણ હુમલો થયો હતો, જેમાં બે એચએચ-60ડબ્લ્યુ જોલી ગ્રીન II હેલિકોપ્ટર મિશન દરમિયાન જ હુમલાનો ભોગ બન્યા હતા, ઘાયલ થયા હોવાના અહેવાલો હોવા છતાં તેમના ક્રૂ બચવામાં સફળ રહ્યા હતા. સમગ્ર કાફલા પર દબાણ વધ્યું હતું. કારણ કે, બે એ-10 વોર્થોગ્સ પર હુમલો થયો હતો - જેમાંથી એક પાઈલટે છલાંગ લગાવીને પોતાનો જીવ બચાવી લીધા પછી અખાતમાં ક્રેશ થયું હતું, જ્યારે બીજું વિમાન એક એન્જિનના સહારે માંડ-માંડ બેઝ પર પાછું ફર્યું હતું.

નાસિકમાં કાર...

ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને મધરાતની આસપાસ બે ક્રેન અને તરવૈયાઓની મદદથી કાર અને તેમાં સવાર લોકોને બહાર કાઢ્યા હતા. અધિકારીએ જણાવ્યું કે, મૃતકો ડિંડોરી તાલુકાના ઈન્દોર ગામના દરગુડે પરિવારના સભ્યો હતા. પોલીસના જણાવ્યા અનુસાર, મૃતકોની ઓળખ સુનિલ દત્ત દરગુડે (32), તેમની પત્ની રેશ્મા, આશા અનિલ દરગુડે (32) અને પરિવારના છ બાળકો તરીકે થઈ છે. આ બાળકોમાં 7 થી 14 વર્ષની વયની પાંચ છોકરીઓ અને એક 11 વર્ષના છોકરાનો સમાવેશ થાય છે. અધિકારીએ જણાવ્યું હતું કે, મૃતદેહોને ડિંડોરીની સરકારી હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. આ મામલે ગુનો નોંધી અકસ્માતનું કારણ જાણવા માટે તપાસ હાથ ધરવામાં આવી છે.

અમેરિકી પાયલોટ...

સંયુક્ત હુમલાઓ સાથે શરૂ થયેલા આ યુદ્ધમાં હજારો લોકોના મોત થયા છે, વૈશ્વિક બજારો હચમચી ગયા છે, મુખ્ય શિપિંગ રૂટ બંધ થઈ ગયા છે અને ઈંધણના ભાવમાં મોટો ઉછાળો આવ્યો છે. ઈરાન આ હવાઈ હુમલાઓનો જવાબ સમગ્ર ક્ષેત્રમાં હુમલાઓ દ્વારા આપી રહ્યું હોવાથી યુદ્ધ ધીમું પડવાના કોઈ સંકેતો દેખાઈ રહ્યા નથી. અમેરિકી વિમાનોને તોડી પાડવાની આ ઘટના યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રાષ્ટ્રજોગ સંબોધનમાં અમે ઈરાનને હરાવ્યું છે અને સંપૂર્ણપણે ખતમ કરી દીધું છે તેમ કહ્યાના બે દિવસ બાદ બની છે. યુએસ અને ઈઝરાયેલે અગાઉ દાવો કર્યો હતો કે ઈરાનની હવાઈ સંરક્ષણ પ્રણાલીનો નાશ કરી દેવામાં આવ્યો છે. ઈરાનની એટોમિક એનર્જી ઓર્ગેનાઈઝેશને જણાવ્યું હતું કે એક હવાઈ હુમલો તેના બુશેહર પરમાણુ પ્લાન્ટ પાસે થયો હતો, જેમાં એક સુરક્ષા ગાર્ડનું મોત થયું હતું અને એક સહાયક ઈમારતને નુકસાન થયું હતું. આ સુવિધા પર ચોથી વખત હુમલો કરવામાં આવ્યો છે. રશિયાની સરકારી ન્યુક્લિયર કોર્પોરેશન 'રોસાટોમ'ના વડાએ જણાવ્યું કે ત્યાંથી 198 કામદારોને સુરક્ષિત બહાર કાઢવામાં આવી રહ્યા છે.

દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ

DGVCL

CIN U40102GJ2003SGC042909

પાંડેસરા વિભાગીય કચેરી

બાટલીબોય કંપનીની સામે, ઉધના-નવસારી રોડ, પાંડેસરા, સુરત-૩૯૫૦૨૩

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

વીજ પ્રવાહ બંધ રહેવા અંગે ની જાહેરાત

આથી અમારા માનવંતા વીજ ગ્રાહકોને જણાવવાનું કે, નીચે દર્શાવેલ સબસ્ટેશનમાં તથા ફીડરો માં જરૂરી સમારકામ કરવાનું હોવાથી નીચે જણાવેલ તારીખે જે તે ફીડરો તથા સબ સ્ટેશન માં વીજપ્રવાહ બંધ રહેશે.

ક્રમ	સબ-સ્ટેશન	ફીડર	સબ-ડિવિઝન	ફોલ્ટ સેન્ટર નં.	તારીખ/વાર	સમય
1	૬૬ કેવી દેલાડવા	૧૧ કેવી વિનાયક	દેવધ	૬૩૫૭૨૩૧૩૨૭	૦૭.૦૪.૨૦૨૬	૦૯:૦૦ થી ૧૭:૦૦
2	૬૬ કેવી ગોડાદરા ૨	૨૨ કેવી દેવધ	દેવધ	૬૩૫૭૨૩૧૩૨૭	૦૯.૦૪.૨૦૨૬	૦૯:૦૦ થી ૧૭:૦૦
3	૬૬કેવી પાંડેસરા-એ	૨૨ કેવી નારાયણ	પાંડેસરા	૮૯૮૦૦૨૭૮૦૫	૦૭.૦૪.૨૦૨૬	૦૭:૦૦ થી ૧૪:૦૦
4	૬૬કેવી પાંડેસરા-એ	૨૨ કેવી સાઈકૃપા	પાંડેસરા	૮૯૮૦૦૨૭૮૦૫	૦૮.૦૪.૨૦૨૬	૦૭:૦૦ થી ૧૪:૦૦
5	૧૩૨ કેવી ભેસ્તાન	૬૬ કેવી કલર ટેક્સ	પાંડેસરા	૮૯૮૦૦૨૭૮૦૫	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
6	૧૩૨ કેવી ભેસ્તાન	૨૨ કેવી જીએચબી	પાંડેસરા	૮૯૮૦૦૨૭૮૦૫	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
7	૧૩૨ કેવી ભેસ્તાન	૬૬ કેવી એન એફ આઇ	પાંડેસરા	૮૯૮૦૦૨૭૮૦૫	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
8	૬૬ કેવી ભેસ્તાન બી	૨૨ કેવી પ્રગતિ	પાંડેસરા	૮૯૮૦૦૨૭૮૦૫	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
9	૬૬ કેવી ભેસ્તાન બી	૨૨ કેવી વિત્રાગ	પાંડેસરા	૮૯૮૦૦૨૭૮૦૫	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
10	૬૬ કેવી ભેસ્તાન બી	૨૨ કેવી ચિન્કો	પાંડેસરા	૮૯૮૦૦૨૭૮૦૫	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
11	૬૬ કેવી ઉધના	૨૨ કેવી સિટી ઈંડસ્ટ્રિયલ	પ્રમુખ પાર્ક	૯૯૦૯૯૩૪૯૧૨	૦૭.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
12	૧૩૨ કેવી ભેસ્તાન	૨૨ કેવી ઉમિયા	પ્રમુખ પાર્ક	૯૯૦૯૯૩૪૯૧૨	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
13	૧૩૨ કેવી ભેસ્તાન	૨૨ કેવી રાજલક્ષ્મી	પ્રમુખ પાર્ક	૯૯૦૯૯૩૪૯૧૨	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
14	૧૩૨ કેવી ભેસ્તાન	૨૨ કેવી જયવીર	પ્રમુખ પાર્ક	૯૯૦૯૯૩૪૯૧૨	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:00
15	૧૩૨ કેવી ભેસ્તાન	૨૨ કેવી બાટલી બોય	પ્રમુખ પાર્ક	૯૯૦૯૯૩૪૯૧૨	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
16	૧૩૨ કેવી ભેસ્તાન	૨૨ કેવી આદર્શ	પ્રમુખ પાર્ક	૯૯૦૯૯૩૪૯૧૨	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
17	૧૩૨ કેવી ભેસ્તાન	૨૨ કેવી ધાયલ	પ્રમુખ પાર્ક	૯૯૦૯૯૩૪૯૧૨	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
18	૧૩૨ કેવી ભેસ્તાન	૨૨ કેવી અય્યાપા	પ્રમુખ પાર્ક	૯૯૦૯૯૩૪૯૧૨	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
19	૧૩૨ કેવી ભેસ્તાન	૨૨ કેવી મોડર્ન મેટલ્લિક્સ	પ્રમુખ પાર્ક	૯૯૦૯૯૩૪૯૧૨	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
20	૬૬ કેવી ભેસ્તાન બી	૨૨ કેવી સાંઈ શ્રદ્ધા	પ્રમુખ પાર્ક	૯૯૦૯૯૩૪૯૧૨	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
21	૬૬ કેવી ભેસ્તાન બી	૨૨ કેવી સાલીની	પ્રમુખ પાર્ક	૯૯૦૯૯૩૪૯૧૨	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
22	૬૬ કેવી ભેસ્તાન બી	૨૨ કેવી આકાશભૂમિ	પ્રમુખ પાર્ક	૯૯૦૯૯૩૪૯૧૨	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
23	૬૬ કેવી ભેસ્તાન બી	૨૨ કેવી જલારામ	પ્રમુખ પાર્ક	૯૯૦૯૯૩૪૯૧૨	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
24	૬૬ કેવી લક્ષ્મીનારાયણ	૧૧ કેવી બરોડારેયોન	પ્રમુખ પાર્ક	૯૯૦૯૯૩૪૯૧૨	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
25	૬૬ કેવી લક્ષ્મીનારાયણ	૧૧ કેવી આવીશ	પ્રમુખ પાર્ક	૯૯૦૯૯૩૪૯૧૨	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
26	૬૬ કેવી લક્ષ્મીનારાયણ	૧૧ કેવી કીર્તિ	પ્રમુખ પાર્ક	૯૯૦૯૯૩૪૯૧૨	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
27	૬૬ કેવી લક્ષ્મીનારાયણ	૧૧ કેવી ક્રિષ્ના ઝેડ રો	પ્રમુખ પાર્ક	૯૯૦૯૯૩૪૯૧૨	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
28	૬૬ કેવી લક્ષ્મીનારાયણ	૧૧ કેવી રામ ઝેડ રો	પ્રમુખ પાર્ક	૯૯૦૯૯૩૪૯૧૨	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
29	૬૬ કેવી લક્ષ્મીનારાયણ	૧૧ કેવી ગજાનંદ	પ્રમુખ પાર્ક	૯૯૦૯૯૩૪૯૧૨	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
30	૬૬ કેવી લક્ષ્મીનારાયણ	૧૧ કેવી મહાદેવ ઇન્ડ	પ્રમુખ પાર્ક	૯૯૦૯૯૮૩૪૯૧૨	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
31	૬૬ કેવી લક્ષ્મીનારાયણ	૧૧ કેવી એસટીબી-૧	પ્રમુખ પાર્ક	૯૯૦૯૯૩૪૯૧૨	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
32	૬૬ કેવી લક્ષ્મીનારાયણ	૧૧ કેવી એસટીબી-૨	પ્રમુખ પાર્ક	૯૯૦૯૯૩૪૯૧૨	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
33	૬૬ કેવી લક્ષ્મીનારાયણ	૧૧ કેવી ગણેશ	પ્રમુખ પાર્ક	૯૯૦૯૯૩૪૯૧૨	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
34	૬૬ કેવી લક્ષ્મીનારાયણ	૧૧ કેવી અલીધરા	પ્રમુખ પાર્ક	૯૯૦૯૯૩૪૯૧૨	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
35	૬૬ કેવી લક્ષ્મીનારાયણ	૧૧ કેવી નિલકાંત	પ્રમુખ પાર્ક	૯૯૦૯૯૩૪૯૧૨	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
36	૬૬ કેવી લક્ષ્મીનારાયણ	૧૧ કેવી શિવમ	પ્રમુખ પાર્ક	૯૯૦૯૯૩૪૯૧૨	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
37	૬૬ કેવી લક્ષ્મીનારાયણ	૧૧ કેવી હનુમાન	પ્રમુખ પાર્ક	૯૯૦૯૯૮૩૪૯૧૨	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
38	૬૬ કેવી લક્ષ્મીનારાયણ	૧૧ કેવી માધવ	પ્રમુખ પાર્ક	૯૯૦૯૯૩૪૯૧૨	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
39	૬૬ કેવી લક્ષ્મીનારાયણ	૧૧ કેવી શકિત	પ્રમુખ પાર્ક	૯૯૦૯૯૩૪૯૧૨	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
40	૬૬ કેવી લક્ષ્મીનારાયણ	૧૧ કેવી રેલ્વે ગલી	પ્રમુખ પાર્ક	૯૯૦૯૯૩૪૯૧૨	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
41	૬૬ કેવી લક્ષ્મીનારાયણ	૧૧ કેવી અંબાજી	પ્રમુખ પાર્ક	૯૯૦૯૯૩૪૯૧૨	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
42	૬૬ કેવી લક્ષ્મીનારાયણ	૧૧ કેવી અયપા	પ્રમુખ પાર્ક	૯૯૦૯૯૩૪૯૧૨	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
43	૧૩૨ કેવી ભેસ્તાન	૨૨ કેવી ઉધના એસ્ટેટ	ઉધના-૨	૮૯૮૦૮૦૩૮૭૯	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:00
44	૬૬ કેવી ભેસ્તાન બી	૨૨ કેવી રિદ્ધિ સિદ્ધિ	ઉધના-૨	૮૯૮૦૮૦૩૮૭૯	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
45	૧૩૨ કેવી ભેસ્તાન	૨૨ કેવી જિઅવ	ઉધના રૂરલ	૮૯૮૦૮૦૩૮૯૦	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
46	૧૩૨ કેવી ભેસ્તાન	૨૨ કેવી આશીર્વાદ	ઉધના રૂરલ	૮૯૮૦૮૦૩૮૯૦	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
47	૬૬ કેવી ભેસ્તાન બી	૨૨ કેવી પીઠાવાલા	ઉધના રૂરલ	૮૯૮૦૮૦૩૮૯૦	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
48	૬૬ કેવી એકલેરા	૧૧ કેવી માનસી	ડીંડોલી	૮૯૮૦૮૦૩૮૮૮	૦૭.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૫:૦૦
49	૬૬ કેવી દેલાડવા	૧૧ કેવી સાઈ ઉરબન	ડીંડોલી	૮૯૮૦૮૦૩૮૮૮	૦૯.૦૪.૨૦૨૬	૦૮: થી ૧૫:૦૦
50	૬૬ કેવી લક્ષ્મીનારાયણ	૧૧ કેવી નંદનવન	ડીંડોલી	૮૯૮૦૮૦૩૮૮૮	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
51	૬૬ કેવી લક્ષ્મીનારાયણ	૧૧ કેવી દીપકનગર	ડીંડોલી	૮૯૮૦૮૦૩૮૮૮	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
52	૬૬ કેવી લક્ષ્મીનારાયણ	૧૧ કેવી સરસ્વતી	ડીંડોલી	૮૯૮૦૮૦૩૮૮૮	૧૦.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૬:૦૦
53	૬૬ કેવી ગોડાદરા	૨૨ કેવી ગોવિંદનગર	લિંબાયત	૮૯૮૦૮૦૩૮૯૧	૦૬.૦૪.૨૦૨૬	૦૯:૦૦ થી ૧૩:૦૦
54	૬૬ કેવી ગોડાદરા	૨૨ કેવી ઉધનયાર્ડ	લિંબાયત	૮૯૮૦૮૦૩૮૯૧	૦૮.૦૪.૨૦૨૬	૦૯:૦૦ થી ૧૩:૦૦
55	૬૬કેવી ઉધના	૨૨ કેવી ન્યુ એસ્ટેટ	ઉધના-૧	૯૮૭૯૨ ૦૧૧૯૨	૦૬.૦૪.૨૦૨૬	૦૯:૦૦ થી ૧૪:૦૦
56	૬૬કેવી ઉધના	૨૨ કેવી કિશોર	ઉધના-૧	૯૮૭૯૨ ૦૧૧૯૨	૦૯.૦૪.૨૦૨૬	૦૯:૦૦ થી ૧૪:૦૦
57	૬૬કેવી ઉધના	૨૨ કેવી ગણેશ	ઉધના-3	૯૮૭૯૨ ૦૧૧૯૭	૦૭.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૪:૦૦
58	૬૬કેવી ઉધના	૨૨ કેવી જીવન જ્યોત	ઉધના-3	૯૮૭૯૨ ૦૧૧૯૭	૦૮.૦૪.૨૦૨૬	૦૮:૦૦ થી ૧૪:૦૦

કાર્યપાલક ઈજનેર

દ.ગુ.કં.લી, પાંડેસરા વિભાગીય કચેરી

એમ.સી.બી./ઇ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળી ના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.

ઈરાને સસ્તાં ડ્રોન વડે હુમલાઓ કરીને અમેરિકા જેવી મહાસત્તાને હંફાવી દીધી છે

સમયના વીતવા સાથે યુદ્ધની કળા પણ બદલાતી હોય છે. કોઈ કાળે તીરકામઠાં વડે યુદ્ધ લડાતું હતું. પછી તોપો અને બંદૂકોનો જમાનો આવ્યો. બીજાં વિશ્વયુદ્ધ દરમિયાન યુદ્ધ જીતવા માટે હવાઈ દળનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ઈરાનનું હવાઈ દળ લગભગ ખતમ થઈ ગયું છે, તો પણ યે ડ્રોન અને મિસાઈલ જેવાં હથિયારો વડે યુદ્ધ લડી રહ્યું છે અને અમેરિકા જેવી મહાસત્તાને હંફાવી રહ્યું છે. અમેરિકાનાં ફાઈટર જેટની કિંમત કરોડો ડોલરની હોય છે, પણ કેટલાક હજાર ડોલરને ખર્ચે બનાવવામાં આવેલું ડ્રોન આ ફાઇટર જેટને પણ તોડી શકે છે. છેલ્લા એક મહિનાથી ગલ્ફ ક્ષેત્રમાં ફેલાયેલી અરાજકતાએ ફરી એકવાર આધુનિક યુદ્ધમાં ડ્રોનનું મહત્ત્વ દર્શાવ્યું છે. ૨૦૨૨ માં રશિયા-યુક્રેન યુદ્ધ શરૂ થયું ત્યારથી આ હથિયારનો સફળતાથી ઉપયોગ કરવામાં આવ્યો છે. ઈરાને પશ્ચિમ એશિયામાં અમેરિકાનાં સેન્સર, રડાર, લશ્કરી મથકો, તેલ અને ગેસની માળખાકીય સુવિધાઓ, બંદરો, એરપોર્ટ અને રહેણાંક વિસ્તારોને આક્રમક રીતે નિશાન બનાવવા માટે બેલિસ્ટિક મિસાઇલો સાથે શાહેદ ડ્રોનનો પણ ઉપયોગ કર્યો છે. શાહેદ ડ્રોનને કારણે થયેલું મોટું નુકસાન લશ્કરી શસ્ત્રાગારમાં ઓછા ખર્ચે ડ્રોનનો સમાવેશ કરવાના ફાયદાને સાબિત કરે છે.

ઈરાની ડ્રોનની સૌથી મોટી તાકાત તેનું સસ્તાપણું છે. યુદ્ધમાં વપરાતા શાહેદ ડ્રોનની કિંમત ૨૦ થી ૫૦ હજાર ડોલરની વચ્ચે હોય છે. શાહેદ ૧૩૬ અને શાહેદ ૧૦૭ પિસ્ટન-એન્જિનવાળા સિંગલ-બેરલ લોઇટરિંગ મ્યુનિશન છે, જ્યારે શાહેદ ૨૩૮ જેટ-એન્જિનવાળા લોઇટરિંગ મ્યુનિશન છે. ૨૮ ફેબ્રુઆરીએ યુદ્ધ શરૂ થયું ત્યારથી ઈરાન લક્ષ્યોને નિશાન બનાવવા માટે ડ્રોનનાં ટોળાંનો ઉપયોગ કરી રહ્યું છે. ઈરાન દ્વારા એક સાથે મોટી સંખ્યામાં ડ્રોન છોડવામાં આવે ત્યારે અમેરિકાની અદ્યતન તેમ જ ખર્ચાળ મિસાઇલ ઇન્ટરસેપ્ટર પ્રણાલી મૂંઝાઇ જાય છે અને તે ડ્રોનના હુમલાને ખાળી શકતી નથી. અમેરિકા અને ઇઝરાયલી હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ પર ત્રાટકવા માટે શાહેદ-૧૩૬, શાહેદ-૧૦૭ અને શાહેદ-૨૩૮ ડ્રોનનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

ઈરાની ડ્રોનના હુમલાને અટકાવવા માટે તૈનાત કરાયેલી અમેરિકન અને ઇઝરાયલી હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ અત્યંત ખર્ચાળ છે. એવો અંદાજ છે કે અમેરિકાની ટર્મિનલ હાઇ અલ્ટિટ્યુડ એરિયા ડિફેન્સ (THAAD) સિસ્ટમ અથવા પેટ્રિઅટ મિસાઇલ સિસ્ટમ (PAC-3) દ્વારા દરેક અવરોધ (હવામાં હુમલો કરનાર મિસાઇલ અથવા ડ્રોનને તોડી પાડવા) ની કિંમત ૧૦ લાખથી ૪૦ લાખ ડોલરની વચ્ચે છે. આ નોંધપાત્ર ખર્ચ તફાવત ઉપરાંત અન્ય ગૂંચવણો પણ છે. ઈરાન સસ્તાં ડ્રોનના હુમલા વડે ઇન્ટરસેપ્ટર મિસાઇલો ઝડપથી ખતમ કરી નાખે છે. સસ્તાં ડ્રોન વડે મોંઘાદાટ મિસાઈલ ઇન્ટરસેપ્ટર ખલાસ થઈ જાય તે પછી ઈરાન યુદ્ધમાં લાંબા અંતર પર પ્રહાર કરતાં મિસાઈલો છોડે છે, જેને ખાળવાનું મુશ્કેલ થઈ જાય છે. ઇન્ટરસેપ્ટર મિસાઈલનું ઉત્પાદન કરવાની પ્રક્રિયા લાંબી છે. સપ્લાય ચેઇનની નબળાઈઓને કારણે યુદ્ધમાં છોડવામાં આવતાં અમેરિકાનાં ટોમાહોક મિસાઇલોને બનાવવામાં પાંચ વર્ષથી વધુ સમય લાગી શકે છે.

યુદ્ધના શરૂઆતના દિવસોમાં અમેરિકા અને તેના સાથીઓએ ઈરાની ડ્રોન અને મિસાઇલોને અટકાવવા માટે ૮૦૦ થી વધુ ઇન્ટરસેપ્ટર મિસાઇલોનો ઉપયોગ કર્યો હતો. તેનાથી વિપરીત, લોકહીડ માર્ટિને સમગ્ર ૨૦૨૫ વર્ષ માટે ફક્ત ૬૨૦ PAC-3 મિસાઇલોનું ઉત્પાદન કર્યું હતું. હકીકતમાં, ઈરાનનાં ડ્રોન ટોળાંઓની કિંમત અને અમેરિકા, ઇઝરાયલ અને તેમના સાથીઓ દ્વારા તેમને નિષ્ક્રિય કરવા અથવા રોકવા માટે ઉપયોગમાં લેવાતી

યુદ્ધ પોઇન્ટ ■ સંજય વોરા ■

ઇન્ટરસેપ્ટર સિસ્ટમ્સની કિંમત વચ્ચે ઘણો તફાવત છે. માળખાકીય પુરવઠા શૃંખલા મર્યાદાઓ અને રિપ્લેસમેન્ટ મુશ્કેલીઓને કારણે આ ખર્ચ અસંતુલને આ સંઘર્ષમાં એક પ્રતિકૂળ આર્થિક પરિસ્થિતિનું નિર્માણ કર્યું છે, જેના કારણે ઈરાન સંયુક્ત વિપક્ષ સામે તેની સંબંધિત લશ્કરી નબળાઈની ભરપાઈ કરી શકે છે. અમેરિકા જેવી મહાસત્તાને ઈરાન લશ્કરી તાકાતમાં પહોંચી શકે તેમ જ નથી, પણ યુદ્ધ લાંબું ચલાવવાની અને સસ્તામાં ચલાવવાની તેની વ્યૂહરચના અમેરિકાને પજવી રહી છે.

ઈરાની ડ્રોન ઇન્ટરસેપ્ટર કરતાં ઘણાં ઓછાં ખર્ચાળ છે અને તેનું ઉત્પાદન અને પુન:સ્થાપન સરળ છે. ઇન્ટરસેપ્ટર લોન્ચ કરવાના નિર્ણયને કારણે ઇઝરાયલ, અમેરિકા અને ગલ્ફ દેશો માટે નાણાંકીય બોજમાં વધારો થાય છે. કેટલાક ગલ્ફ દેશોએ તેમના ઇન્ટરસેપ્ટર ભંડારને સાચવવા માટે વૈકલ્પિક વ્યૂહરચના અપનાવવી પડી છે. ગલ્ફના દેશોએ શાહેદ ડ્રોનને તોડી પાડવા માટે F-૧૬ ફાઇટર જેટ તૈનાત કર્યા છે. જો કે, આ પદ્ધતિ ખૂબ ખર્ચાળ પણ છે. F-૧૬ ને હવામાં રાખવાનો ખર્ચ પ્રતિ કલાક આશરે ૨૫,૦૦૦ ડોલર જેટલો થાય છે. વર્તમાન પરિસ્થિતિમાં પશ્ચિમી ઔદ્યોગિક ક્ષમતા પર નવાં શસ્ત્રો અને ઇન્ટરસેપ્ટર પૂરાં પાડવા માટે દબાણ વધી રહ્યું છે.

યુદ્ધનાં આ બદલાયેલાં આર્થિક સમીકરણ એ વાત પર ભાર મૂકે છે કે ટેકનોલોજીકલ રીતે અદ્યતન અને મૂડીથી સમૃદ્ધ સેનાઓને પણ ઓછી કિંમતની શસ્ત્ર પ્રણાલીઓથી સજ્જ ચાલાક અને કાર્યક્ષમ વિરોધીઓ દ્વારા પડકારવામાં આવી શકે છે. ઓપન સોર્સ ઇન્ટેલિજન્સ, સેટેલાઇટ ઇમેજરી અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સે યુદ્ધના ટેકનોલોજીકલ આર્કિટેક્ચરને વધુ પ્રભાવિત કર્યું છે. જ્યારે તકનીકી રીતે અદ્યતન વિકલ્પો નિ:શંકપણે સૈન્યની ક્ષમતાઓમાં વધારો કરે છે, ત્યારે આ સૈન્યને હવે ભવિષ્યના સંઘર્ષો માટે ઓછા ખર્ચે આક્રમક અને રક્ષણાત્મક વિકલ્પોની પણ જરૂર પડશે. આનો અર્થ એ નથી કે ઓછી મૂડી અને ઓછી ટેકનોલોજી ધરાવતી સેનાઓ વિજયી બનશે, પરંતુ તે ચોક્કસપણે યુદ્ધભૂમિને વધુ જટિલ બનાવે છે. આ અસમાનતાની અસરો પશ્ચિમ એશિયામાં વર્તમાન સંઘર્ષ સુધી મર્યાદિત રહેશે નહીં, પરંતુ તેનાં દૂરગામી પરિણામો આવશે.

ભારત પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધથી ભલે ઘણું દૂર હોય, પરંતુ તે તેની આર્થિક અને ઉર્જાસંબંધિત અસરોથી સંપૂર્ણપણે મુક્ત નથી. આ યુદ્ધના ભારત માટે અનેક મહત્ત્વપૂર્ણ પરિણામો છે. ગયા ઉનાળામાં ભારત અને પાકિસ્તાન વચ્ચેના હવાઈ મુકાબલામાં સ્પષ્ટ થયું હતું તેમ ડ્રોનનાં ટોળાં હવે દક્ષિણ એશિયામાં પણ યુદ્ધમાં મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા છે. મ્યાનમારમાં પણ જુન્ટા અને બળવાખોરો વચ્ચે ડ્રોનયુદ્ધ ચાલી રહ્યું છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષોમાંથી ઉભરી રહેલી વ્યૂહરચનાઓ ભારતીય ઉપખંડમાં ડ્રોનયુદ્ધને વધુ જટિલ બનાવશે. ભારતીય સેનાના શસ્ત્રાગારમાં ઘણા હાઇ-ટેક ડ્રોનનો સમાવેશ થાય છે. આમાં ઇઝરાયેલી રિકોનિસન્સ ડ્રોન, IAI સર્ચર અને હાર્પર અને ઇઝરાયેલી લોઇટરિંગ દારૂગોળા, જેમ કે હારોપ અને હાર્પીનો સમાવેશ થાય છે, જેનો ઉપયોગ ઓપરેશન સિંદૂર દરમિયાન કરવામાં આવ્યો હતો.

હાર્પીનો એક પ્રકાર સ્કાય સ્ટ્રાઈકર ભારતમાં સહ-ઉત્પાદિત થઈ રહ્યો છે. અમેરિકન બનાવટનાં MQ-૯ રીપર ડ્રોન પણ સમય જતાં ભારતીય ભંડારમાં સામેલ કરવામાં આવશે. ઓપરેશન સિંદૂર દરમિયાન નાગસ્ત્ર ૧ જેવાં સ્વદેશી કામિકાઝ ડ્રોન પણ તૈનાત કરવામાં આવ્યાં હતાં. ભારતીય લશ્કરી શસ્ત્રાગારમાં એક મોટી ખામી એ છે કે સસ્તાં અને સરળતાથી ઉત્પાદિત થતાં કામિકાઝ ડ્રોન ખૂબ જ મર્યાદિત સંખ્યામાં છે. જ્યારે નાગસ્ત્ર જેવા સ્વદેશી શસ્ત્રો અને KAL અને શેષનાગ ડ્રોન જેવા તાજેતરના પ્રોજેક્ટો અસ્તિત્વમાં છે, ત્યારે ટુકડાઓમાં ખરીદી તેમને મોટા પાયે જમાવટ માટે યોગ્ય બનાવતી નથી.

લશ્કર માટે જરૂરી છે કે ઓછા ખર્ચે હજારો કામિકાઝ ડ્રોનનો ઓર્ડર આપવો. પશ્ચિમ એશિયામાંથી બીજો એક મહત્ત્વપૂર્ણ બોધપાઠ એ છે સસ્તી તથા અસરકારક કાઉન્ટર-ડ્રોન સિસ્ટમ્સ મોટા પાયે વિકસાવવાની અને ખરીદવાની જરૂર છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

યુદ્ધમાં વપરાતાં શાહેદ ડ્રોનની કિંમત ૨૦ થી ૫૦ હજાર ડોલરની વચ્ચે હોય છે, જ્યારે તેને રોકવા માટે વપરાતાં મિસાઈલ ઇન્ટરસેપ્ટરની કિંમત ૧૦ થી ૪૦ લાખ ડોલર જેટલી હોય છે

સુપરડુપર હીટ, જબરજસ્ત ફુલ એક્શન

ધુરંધર-2

રણવીરસિંહ, સંજયદત્ત, અર્જુન રામપાલ, રાકેશ બેદી, આર.માધવન, સારા અર્જુન

૧૨.૦૦, ૧૨.૪૦, ૪.૦૦, ૬.૦૦, રાત્રે ૯.૩૦, ૧૦.૦૦

RUPAM CINEMA

એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

RAJHANS ગોપીતળાવ નવસારી બજાર, સુરત

સુપરડુપર હીટ, જબરજસ્ત ફુલ એક્શન

ધુરંધર-2

રણવીરસિંહ, સંજયદત્ત, અર્જુન રામપાલ, રાકેશ બેદી, આર.માધવન, સારા અર્જુન

૯.૦૦, ૧૦.૩૦, ૧૨.૦૦, ૧.૧૫, ૨.૪૫, ૪.૧૫, ૫.૩૦, ૭.૦૦ રાત્રે: ૮.૩૦, ૯.૪૫

થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

APPLE CINEMA

રૂફી માળ, એકઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત.

★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર

☎: 99984 46007 ©: @applecinemasurat

Book Tickets Now from : bookmyshow.com paytm

ફુલ એક્શન

ધુરંધર-2

રણવીરસિંહ, સંજયદત્ત

૯.૦૦, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૧.૦૦, ૧૧.૩૦, ૧૨.૦૦, ૧.૦૦, ૧.૨૫, ૨.૧૫, ૨.૪૫, ૩.૧૫, ૪.૦૦, ૪.૩૦, ૫.૧૫, ૫.૪૫, ૬.૩૦, ૭.૦૦, રાત્રે ૮.૩૦, ૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૧.૦૦, ૧૧.૩૦

2D હિન્દી

The Super Mario Galaxy Movie

૯.૨૦, ૧૧.૦૦, ૧.૫૦, ૬.૧૦, રાત્રે ૮.૨૦

સુપરહીટ

ધ કેરળ સ્ટોરી-2

૯.૩૦, ૧૧.૩૦, ૩.૫૦, ૭.૩૦, રાત્રે ૧૦.૦૦

પશ્ચિમ રેલવે દ્વારા ઉધના અને માલદા ટાઉન વચ્ચે સમર સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવશે

ટ્રેન નંબર	પ્રસ્થાન સ્ટેશન અને ગંતવ્ય	સેવાની તારીખો	ઉપડવાનો સમય	આગમનનો સમય
09033	ઉધના - માલદા ટાઉન (સાપ્તાહિક સ્પેશિયલ)	09.04.2026 to 23.07.2026	23:00 કલાકે (ગુરુવાર)	11:00 કલાકે (શનિવાર)
09034	માલદા ટાઉન -ઉધના (સાપ્તાહિક સ્પેશિયલ)	12.04.2026 to 26.07.2026	09:30 કલાકે (રવિવાર)	01:20 કલાકે (મંગળવાર)

રોકાણઃ નંદુરબાર, ભુસાવલ, ખંડવા, ઇટારસી, જબલપુર, કટની, સતના, પ્રયાગરાજ છિયોકી, પંડિત દીન દયાલ ઉપાધ્યાય, બક્સર, આરા, પટના, બખ્તિયારપુર, મોકામા, કિયુલ, અભયપુર, જમાલપુર, સુલતાનગંજ, ભાગલપુર, કહલગાંવ, સાહિબગંજ, બરહરવા અને ન્યૂ ફરક્કા સ્ટેશનો પર બંને દિશામાં.

કોચનું સંયોજનઃ એસી 3-ટાયર, સ્લીપર અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ.

વિગતવાર માહિતી જેવી કે સ્ટોપેજનો સમય અને સંયોજન માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નંબર 09033 માટેનું બુકિંગ 06.04.2026 થી તમામ PRS કાઉન્ટરો અને IRCTC વેબસાઇટ પર શરૂ થશે. ઉપરોક્ત ટ્રેન સ્પેશિયલ ભાડા પર સ્પેશિયલ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે

wr.indianrailways.gov.in

અમને લાઇક અને ફોલો કરો: facebook.com/WesternRly X.com/WesternRly Instagram.com/WesternRly https://www.youtube.com/@WesternRly https://bit.ly/WesternRailwayOfficial

કૃપા કરીને તમામ રિઝર્વ્ડ ટિકિટો માટે ઓરિજિનલ આઈડી પ્રૂફ સાથે રાખો.